# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદીમાં જણાવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના મુખ્ય ૪ વિષયો (Physics / Chemistry / Biology / Mathematics) માટે ઉત્તરવહી અવલોકન માટેની "ફી" રૂ. ૩૦૦/- નિયત કરેલ હતી. માનનીય શિક્ષણ મંત્રીશ્રીની સુચના મુજબ ચાલુ વર્ષે COVID-19 ની પરીસ્થિતિને ધ્યાને લેતાં ઉક્ત "ફી" માં ઘટાડો કરીને તાત્કાલિક અસરથી તા.૨૭/૦૫/૨૦૨૦ ના રોજ સવારે ૧૦:૩૦ કલાક થી રૂ. ૧૫૦/- પ્રમાણે સ્વીકારવાની પ્રક્રિયા કરવામાં આવેલ છે. જેની નોંધ શાળાના આચાર્યશ્રીઓએ, વિદ્યાર્થીઓએ અને વાલીઓએ લેવી.

નોંધ:- તા.૨૬/૦૫/૨૦૨૦ થી અવલોકનની અરજી ઓનલાઈન કરવાની શરૂઆત થયેલ હતી ત્યારથી તા.૨૭/૦૫/૨૦૨૦ સવારે ૧૦:૩૦ કલાક સુધી જે વિદ્યાર્થીઓએ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરેલ છે અને તેઓ દ્વારા અવલોકન માટેની વિષયદીઠ "ફી" રૂ. ૩૦૦/- ચુકવાયેલ છે. તેવા અરજદારોને બોર્ડ દ્વારા અવલોકન "ફી" માં થયેલા ઘટાડા મુજબ પરત કરવાપાત્ર રકમ વિષયદીઠ રૂ. ૧૫૦/- અરજદારને રૂબરૂ અવલોકન માટે હાજર રહેશે તે દરમિયાન પરત કરવામાં આવશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તારીખ:- ૨૭/૦૫/૨૦૨૦
સ્થળ:- ગાંધીનગર